# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

## સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 NOVEMBER | NO: 09


### પવિત્ર બાઈબલ
કૃપા કરી આ ભાગ મોઢે કરો
નીતિવચનો ૨૬:૧-૧૦

૧. જેમ ઉનાળામાં હિમ, અને ફસલમાં વરસાદ ઠીક લાગતો નથી, તેમ મૂર્ખને માન શોભતું નથી.

૨. જેમ ભટકતી ચકલી, અને જેમ ઊડતું અબાબીલ પક્ષી છે, તેમ વિનાકારણ દીધેલો શાપ કોઈને માથે ઊતરતો નથી.

૩. ઘોડાને માટે ચાબૂક, અને ગધેડાને માટે લગામ હોય છે, તેમ મૂર્ખોની પીઠને માટે સોટી છે.

૪. મૂર્ખને તેની મૂર્ખાઈ પ્રમાણે ઉત્તર ન દે, રખેને તું પણ તેની બરાબર ગણાય.

૫. મૂર્ખને તેની મૂર્ખાઈ પ્રમાણે ઉત્તર દે, નહિ તો તે પોતાને ડાહ્યો સમજશે.

૬. જે માણસ મૂર્ખની હસ્તક સંદેશો મોકલે છે, તે પોતાના પગ કાપી નાખે છે, અને તે નુકસાન શોષે છે.

૭. જેમ લંગડાના પગ લૂલા હોય છે, તેમ જ મૂર્ખના મોઢાનું દૃષ્ટાંત છે.

૮. જે કોઈ મૂર્ખને માન આપે છે તે પથ્થરના ઢગલામાં રત્નોની કોથળી મૂકનાર જેવો છે.

૯. જેમ છાકટાના હાથમાં કાંટો ભોંકાય છે, તેમ મૂર્ખોના મોઢાનું દૃષ્ટાંત તેમને જ નડે છે.

૧૦. ઉત્તમ કારીગર સઘળું કામ પોતે કરે છે; પણ મૂર્ખની પાસે કામ કરાવનાર વટેમાર્ગુને રોજે રાખનાર જેવો છે.

## એકબીજાનો બોજો ઊઠાવવો!

BEAR EACH OTHER'S BURDEN! (Galatians 6:2)

માનદ મુખ્ય સંપાદક
★★★★★★★★★★★★★★★★★
રેવ. એન્જેલાઈન સેલ્વાકુમારી



આપણા પ્રભુ અને તારનાર, ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં સર્વને શુભેચ્છાઓ! જેમનો પ્રેમ અમર્યાદિત, બિનશરતી અને નિર્વિવાદ છે. અમે તેમની કૃપા અને તરફેણ માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ, જેમણે આપણને ૨૦૨૪ના પ્રથમ દસ મહિના સુધી ટકાવી રાખ્યા છે. તેઓ આપણને દોરવણી પૂરી પાડવાનું ચાલુ રાખશે, અને તેમની કૃપા હંમેશા પર્યાપ્ત રહેશે, કેમ કે આપણે તેમના બાળકો છીએ.

બાઈબલ આપણને કહે છે કે તેમણે આપણને તેમના બાળકો થવા માટે તેડ્યા છે. કેવો વિશેષાધિકાર ! પણ નિર્ણાયક પ્રશ્ન એ છે કે, "શું આપણું જીવન તેમના તેડાંને લાયક છે?" એફેસીઓને લખેલા તેમના પત્રમાં, પ્રેરિત પાઉલ લખે છે, "**તમને વિનંતી કરું છું કે, તમને તેડવામાં આવ્યા છે તે તેડાને યોગ્ય થઈને ચાલો.**" એફેસીઓને પત્ર ૪:૧. આનો અર્થ શું થાય છે? આ વાક્ય મારા મગજમાં દિવસો સુધી વિલંબિત રહ્યું. તેમના તેડાને લાયક જીવન જીવવાનો ખરેખર અર્થ શું છે? આપણને બરાબર શું કરવા માટે કહેવામાં આવે છે? જ્યારે ત્યાં આના ઘણા પાસાઓ છે, આવો આપણે આજે એક પર લક્ષ કેન્દ્રિત કરીએ.

### સલાહ કરાવનારાઓને : ઈશ્વરના બાળકો

આવો આપણે માથ્થી ૫:૯ પર મનન કરીએ, "**સલાહ કરાવનારાઓને ધન્ય છે; કેમ**

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીઝ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !
પાળક એસ. સામ સેલ્વરાજ સાથે
પ્રાર્થના કરવાની એક તક!
પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!
અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ
દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી
તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે
* Please Subscribe and Share *

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*

REACHING NATIONS





**“અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે; જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે.” – ગીતશાસ્ત્ર ૩૪:૮**

ખ્રિસ્તમાં ઈશ્વરના પ્રિય વહાલા બાળકો,

અમે તમને ઈશ્વરના મંદિરમાંથી આશીર્વાદ દઈએ છીએ કે તમારું સારું જીવન વધુ સમૃદ્ધ બને. (ગીતશાસ્ત્ર ૧૧૮:૨૬). અમે **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજના અમારા સહકાર્યકરો માટે ઈશ્વરના ખૂબ આભારી છીએ. જો કે અમુક ક્ષેત્રોમાં અવરોધો, માંદગી અને આર્થિક કટોકટી અમારા માટે અનુકૂળ ન હતી. ઈશ્વર આપણું રક્ષણ કરે છે અને માર્ગદર્શન આપે છે, જેમ પ્રેરિત પાઉલે કહ્યું હતું કે કોઈના જીવને હાનિ થનાર નથી, પણ એકલા વહાણની જ હાનિ થશે. (પ્રેરિતોનાં કૃત્યો ૨૭:૨૨).

અમે સ્થાનિક મુસાફરી કરવા સક્ષમ થયા છીએ કારણ કે અમારા સહકાર્યકરો શારીરિક રીતે વધુ સારા થઈ રહ્યા છે. ઈશ્વરે શાસ્ત્રો અનુસાર અમને ઉંચા કર્યા છે, **“કેમ કે નેક માણસ સાતવાર પડી પડીને પણ પાછો ઊઠે છે.”** નીતિવચનો ૨૪:૧૬. તેથી અમને આશા છે કે નવેમ્બર મહિનો આશીર્વાદોથી ભરેલો રહેશે.

અમે અમારા સહકાર્યકરો માટે તમારી પ્રાર્થનાઓની ખૂબ અભિલાષા રાખીએ છીએ, જેમ કે બહેનો સેરિના બેવિન, સાજિની ચેરિયન, રેવ. ડો. કે.આર. રાજાશેકરન, રેવ. ડો. વિલિયમ રોબર્ટ મેકક્વિલન, ૧૬ ભાષાઓના અન્ય સર્વ સહયોગી સંપાદકો, ૧૬ ભાષાઓના સહાયકો, ૧૬ ભાષાઓના કો-ઓર્ડિનેટર, કાર્યાલય કર્મચારીઓ, સમર્થકો અને અમારા પ્રિન્ટિંગ પ્રેસ સ્ટાફ, જેઓ દર મહિને **ઈકો ઑફ હીજ કોલ** સામયિક ચલાવવામાં મદદ કરી રહ્યા છે. ફક્ત આ લોકોના સ્વાસ્થ્યને લીધે, અમે નિયમિતપણે સામયિક પ્રકાશિત કરી શકીએ છીએ. આર્થિક કટોકટીને કારણે અમે તમને ૨૦૨૫ માટેનું કેલેન્ડર તૈયાર કરીને મોકલી શકતા નથી. તે માટે અમે ક્ષમાપ્રાર્થી છીએ.

કૃપા કરીને અમારા ચર્ચો, **નહેમ્યા બાઈબલ કોલેજ, સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ,** પ્રિન્ટિંગ પ્રેસ, મીડિયા મિનિસ્ટ્રી (યૂટ્યુબ) અને ઑફિસમાં સેવા આપતા ઈશ્વરના આપણા સાથી કાર્યકરોને તમારી મૂલ્યવાન પ્રાર્થનાઓમાં યાદ રાખશો.

ખાસ કરીને, અમે તમને જણાવવા માંગીએ છીએ કે અમારી મિનિસ્ટ્રી નાણાકીય કટોકટીમાંથી પસાર થઈ રહી છે અને અમે અમારી જરૂરિયાતો પૂરી કરવામાં અસમર્થ છીએ. કૃપા કરીને અમારા માટે પ્રાર્થના કરશો.

આપ સૌ ભરપૂરીપણાથી આશીર્વાદિત થાઓ.

પ્રેમ તથા પ્રાર્થનાઓ સાથે,

ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો,

**પાળક એસ. સામ સેલ્વરાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : sam@echoofhiscall.org

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.
HON. MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.
GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.
ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)
EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858
E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in
WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com
YOUTUBE CHANNEL
Echo of His Call

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) ◘ BIBLECOR - Postal Courses (3 languages) ◘ Media Ministry ◘ Online Courses ◘ Theological Correspondence Courses (2 languages) ◘ Church Planting ◘ Nehemiah Bible Colleges ◘ Gospel Printing Press ◘ Great Commission Partners ◘ St. Paul's Matriculation School ◘ Crusades ◘ Community Development

## કૃપા કરીને ધ્યાન આપો....

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

(પાન ૧થી આગળ...)

**કે તેઓ દેવના દીકરા કહેવાશે.''** વહાલા ભાઈઓ અને બહેનો, જો આપણે ઈશ્વરના સંતાનો કહેવા માંગતા હોઈએ અને આપણા તેડાને લાયક જીવન જીવવું હોય, તો આપણે શાંતિ કરાવનારાઓ બનવું જોઈએ. આ ઈશ્વરના બાળકોની મુખ્ય લાક્ષણિકતા છે. તેમણે આપણને શાંતિ કરાવનારાઓ તરીકે બનવા માટે તેડ્યા છે, મુશ્કેલી સર્જનારા નહિ.

એફેસીઓને પત્ર ૪:૨ શીખવે છે કે ઈશ્વરના બાળકો તરીકે, આપણને **એકબીજાના ભાર ઊંચકીને** શાંતિ કરાવનારાઓ થવા માટે તેડવામાં આવ્યા છે. આ કરવા માટે, આપણે નમ્ર, ભલા બનવું જોઈએ અને ધીરજ રાખવી જોઈએ. આ સદગુણોનો વ્યવહાર ફક્ત આપણા વિશ્વાસ ધરાવતા સાથી વિશ્વાસીઓ સાથે જ નહિ, પરંતુ જેઓ દરરોજ કઠોર શબ્દો અને નુકસાનકારક કાર્યોથી આપણી ધીરજની કસોટી કરે છે તેમની સાથે પણ આચરવો આવશ્યક છે. હકીકતમાં, આ મુશ્કેલ અને પડકારજનક હોઈ શકે છે. તે રીતે જીવવા કરતાં તેના વિશે વાત કરવી ઘણી સરળ છે. જો કે, ઈસુને પ્રેમ કરનારાઓ પાસેથી બાઈબલ આ જ અપેક્ષા રાખે છે. પ્રેરિત યાકૂબ ભારપૂર્વક જણાવે છે કે આપણે વચનના પાળનારા હોવા જોઈએ, માત્ર સાંભળનારા જ નહિ.

### એકબીજાના ભાર ઊંચકવા!

ક્લોસ્સીઓને પત્ર ૩:૧૩ આપણને સૂચનાઓ આપે છે : **''એકબીજાનું સહન કરો, ને જો કોઈને કોઈની સાથે કજિયો હોય તો તેને ક્ષમા કરો. જેમ ખ્રિસ્તે તમને ક્ષમા આપી તેમ તમે પણ કરો.''**

એકબીજા સાથે સહન કરવા માટે ક્ષમાશીલતાની જરૂર છે. ખરેખર માફ કરવા માટે, આપણને પ્રેમની જરૂર છે, અને ઈશ્વરના પ્રેમ વિના, આપણે સંપૂર્ણપણે માફ કરી શકતા નથી અથવા ભૂલી જઈ શકતા નથી. તમે કહી શકો, ''તે અઘરું છે; હું તે કરી શકતો નથી. હું માત્ર ભાવનાઓ અને લાગણીઓ સાથે મનુષ્ય છું. તે મારા માટે અશક્ય છે.'' પણ આ માટે જ આપણને ઈશ્વરની મદદની જરૂર છે - પ્રેમ કરવા અને માફ કરવા. એકબીજાનો ભાર ઊંચકવો એ માત્ર સૂચન કે વિકલ્પ નથી; તે આદેશ છે. ગલાતીઓને પત્ર ૬:૨ કહે છે, **''તમે એકબીજાના ભાર ઊંચકો, અને એમ ખ્રિસ્તનો નિયમ સંપૂર્ણ રીતે પાળો.''**

ખ્રિસ્તના નિયમને પરિપૂર્ણ કરવા માટે, આપણે એકબીજાના ભારને ઊંચકવામાં મદદ કરવી જોઈએ. દરેક વ્યક્તિ મુશ્કેલીઓનો સામનો કરે છેઃ પડકારો, જબરજસ્ત પરિસ્થિતિઓ, નાણાકીય સંઘર્ષો, પાપ સાથેની લડાઈઓ અને બંને શારીરિક અને આત્મિક પરીક્ષણો. જો કે, આપણે એકલાએ આ ભાર ઊંચકવાનો એવું નથી, તેથી જ ઈશ્વરે આપણને મંડળીનો પરિવાર આપ્યો છે. આપણે ખ્રિસ્તમાં એક શરીર છીએ, અને જ્યારે શરીરનો એક ભાગ પીડાય છે, ત્યારે આખા શરીરને અસર થાય છે.

### વધસ્તંભનો પ્રતીકવાદ!

અમે ઘણીવાર ઈશ્વરની સાથેના આપણા સંબંધ પર ભાર મૂકતા તેમની સાથે શાંતિ જાળવવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ. જો કે, વધસ્તંભનું પ્રતીક બે રેખાઓ ધરાવે છેઃ ઊભી રેખા ઈશ્વરની સાથેના આપણા સંબંધને દર્શાવે છે, જ્યારે આડી રેખા અન્ય લોકો સાથેના આપણા સંબંધનું પ્રતીક છે.

ઈસુની બે સૌથી મહત્વપૂર્ણ આજ્ઞાઓનો સારાંશ એ જ રીતે કરવામાં આવ્યો છે. પ્રથમ, **''તમારા ઈશ્વર પ્રભુ પર તમારા પૂરા હૃદયથી, તમારા પૂરા જીવથી અને તમારા પૂરા મનથી પ્રીતિ કરો.''** માથ્થી ૨૨:૩૭, ઈશ્વર સાથેના આપણા સંબંધની વાત કરે છે (ઊભી રેખા). બીજી, **''જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર.''** માથ્થી ૨૨:૩૯, માથ્થી ૨૨:૩૪ થી ૪૦, અન્ય લોકો સાથેના આપણા સંબંધોને સંબોધિત કરે છે (આડી રેખા).

આપણામાંના ઘણા ઈશ્વર સાથેના આપણા સંબંધથી સંતોષ અનુભવે છે. આપણે પ્રભુને પ્રેમ કરીએ છીએ, તેમનું વચન દરરોજ વાંચીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ, ઉપવાસ કરીએ છીએ, દેવળમાં જઈએ છીએ અને સેવાકાર્યમાં જોડાઈએ છીએ, આત્માની ભેટો પર ખૂબ ભાર મૂકીએ છીએ. જેમ પાઉલ ઈં કરિંથીઓને પત્ર ૧૨:૮-૧૦માં લખે છે, **''કેમ કે કોઈને આત્માથી જ્ઞાનની વાત આપવામાં આવેલી છે; કોઈને એ જ આત્માથી વિદ્યાની વાત; કોઈને એ જ આત્મા વડે વિશ્વાસ; કોઈને એ જ આત્મા વડે સાજાં કરવાનું કૃપાદાન; કોઈને ચમત્કાર કરવાનું દાન; કોઈને પ્રબોધ; કોઈને આત્માઓની પરીક્ષા કરવાનું; કોઈને ભિન્ન ભિન્ન ભાષાઓ; અને કોઈને ભાષાંતર કરવાનું દાન આપવામાં આવેલું છે.''**

તો પણ, આત્માના ફળો વિશે શું? ગલાતીઓને પત્ર ૫:૨૨,૨૩ આપણને યાદ અપાવે છે કે, **''પણ પવિત્ર આત્માનું ફળ પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ છે''** હું વારંવાર જોઉં છું કે લોકો તેમના સેવાકાર્ય અને ઈશ્વર સાથેના અંગત સંબંધોથી એટલા બધા વ્યસ્ત થઈ જાય છે કે તેઓ તેમના પરિવારો અને પડોશીઓની અવગણના કરે છે. બાઈબલ આપણને શીખવે છે કે બંને સંબંધો સમાન રીતે મહત્વપૂર્ણ છે.

## મંડળીની જવાબદારી!

મંડળી, જેમાં તમારો અને મારો સમાવેશ થાય છે, તે આપણા સાથી વિશ્વાસીઓની સંભાળ રાખવા અને તેમના બોજને વહેંચવાની ઊંડી જવાબદારી વહન કરે છે. જ્યારે શરીરનું એક અવયવ બરાબર કામ કરતું નથી હોતું, ત્યારે તે આપણા બધાને અસર કરે છે. અન્યોની સંભાળ રાખવી એ માત્ર કરુણાનું કાર્ય નથી; તેમાં અંગત, વ્યક્તિગત હિસ્સો પણ સામેલ છે. જ્યારે આપણી આસપાસના લોકો સ્વસ્થ હોય છે, ત્યારે આપણને લાભ થાય છે, અને જ્યારે આપણે સ્વસ્થ હોઈએ છીએ, ત્યારે સમગ્ર મંડળી મજબૂત થાય છે. તેનાથી વિપરીત, જ્યારે આપણે સહન કરીએ છીએ, ત્યારે મંડળી સહિત આપણી નજીકના લોકો પણ પ્રભાવિત થાય છે.

જેમ ગલાતીઓને પત્ર ૬:૨ કહે છે, **''તમે એકબીજાના ભાર ઊંચકો અને એમ ખ્રિસ્તનો નિયમ સંપૂર્ણ રીતે પાળો.''** આ આજ્ઞા સ્પષ્ટ છે - તે વૈકલ્પિક નથી પણ પ્રભુના કુટુંબના દરેક સભ્ય માટે સીધો નિર્દેશ છે. માત્ર આમ કરવાથી, આપણે ઈશ્વરના સંતાનો તરીકે આપણા તેડાને અનુસરીએ છીએ. આવો હવે બીજાઓએ કેવી રીતે એકબીજાના ભાર વહેંચ્યા છે તેના ઉદાહરણો જોવા માટે આપણે શાસ્ત્ર તરફ વળીએ.

## દાઉદ તથા યોનાથાન!

દાઉદ તથા યોનાથાન વચ્ચેનો કરાર નિ:સ્વાર્થ પ્રેમ અને મિત્રતા માટે અદભૂત ઉદાહરણ છે. એ જાણતો હોવા છતાં કે દાઉદ એક દિવસ રાજા તરીકે તેનું સ્થાન લેશે, જે પદ તે તેના પોતાના તરીકે જોઈ શકતો હતો, યોનાથાન દાઉદ પર સંપૂર્ણ હૃદયથી પ્રીતિ કરતો હતો. દાઉદ પ્રત્યેની તેની વફાદારી એટલી વધુ મોટી હતી કે તે તેના પોતાના પિતા શાઉલ રાજાની સામે પણ ઊભો થયો હતો.

I શમુએલ ૨૩, એક શક્તિશાળી ક્ષણની નોંધ કરે છે : દાઉદ કે જે ઝિફના રાનમાં સંતાયેલો હતો, તેનો શાઉલ દ્વારા સતત પીછો કરવામાં આવ્યો હતો, જેણે તેને મારી નાખવાનું નક્કી કર્યું હતું. તો પણ બાઈબલ આપણને કહે છે કે **''પણ દેવે દાઉદને તેના હાથમાં સોંપ્યો નહિ.''** ૧ શમુએલ ૨૩:૧૪. ઈશ્વર દાઉદનું રક્ષણ કરી રહ્યા હતા.

વહાલા મિત્રો, કેવું દિલાસાદાયક સત્ય! જો ઈશ્વરે દાઉદનું રક્ષણ કર્યું હોય, તો તેઓ આપણને આપણા શત્રુઓથી પણ બચાવશે, જેઓ આપણને નીચે પડતા જોવા ઈચ્છે છે. અમુક સમયે, એવું લાગે છે કે આપણે સતત હુમલા હેઠળ છીએ, પરંતુ આપણે યાદ રાખવું જોઈએ કે ઈશ્વર આપણને આપણા શત્રુઓને સોંપી દેશે નહિ. જ્યારે આપણા માર્ગો યહોવા પ્રભુને પ્રસન્ન કરે છે, ત્યારે તેઓ આપણા સારા માટે કામ કરવા માટે આપણા શત્રુઓને પણ ફેરવી શકે છે. શત્રુ નજીક હોઈ શકે છે, પણ ઈશ્વર નિયંત્રણમાં છે. તેઓ આપણને ક્યારેય તેમના હાથમાં આવવા દેશે નહિ.

દાઉદ, તે સમયે, ડરમાં જીવતો હતો, તે જાણતો હતો કે શાઉલ તેને મારી નાખવા માગતો હતો. તેણે રાનમાં સંતાઈ રહેવા માટે પોતાનું કુટુંબ, તેની પત્નીઓ, તેના મિત્રો અને તેના ઘરનો આરામ છોડીને એકલતા, નિરાશા અને ચિંતા અનુભવી હશે. એકલતા એક પ્રચંડ શત્રુ બની શકે છે, જે નકારાત્મક વિચારોનું મૂળ લે છે અને તેને ખીલવા દે છે. તેમ છતાં, તેની અંધકારમય ક્ષણોમાં પણ, ઈશ્વર દાઉદની સાથે હતા, અને તેઓ આપણી સાથે પણ છે.

જ્યારે દાઉદ શારીરિક, માનસિક અને આત્મિક રીતે હતાશામાં હતો, ત્યારે તેને રાનમાં એક અનપેક્ષિત મુલાકાતી મળ્યો હતો: અને શાઉલનો દીકરો યોનાથાન ઊઠીને હોરેશમાં દાઉદ પાસે ગયો, ને દેવમાં તેનો હાથ મજબૂત કર્યો. ૧ શમુએલ ૨૩:૧૬. આવો આપણે આ કલમના બીજા કેટલાક અનુવાદો તપાસી જોઈએ :

New International Version **તેને ઈશ્વરમાં સામર્થ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરી હતી.**

New Living Translation: **ઈશ્વરમાંના તેના વિશ્વાસમાં મજબૂત કર્યો હતો.**

King's James Version: **ઈશ્વરમાં તેનો હાથ મજબૂત કર્યો હતો.**

Amplified Bible Version: **તેને ઈશ્વરમાં પ્રોત્સાહન આપ્યું હતું.**

ટૂંકમાં, યોનાથાન તેના વહાલા મિત્ર દાઉદની મુલાકાત લેવા અને તેના આત્માને ઉત્તેજન આપવા રાનમાં ગયો હતો. તેણે પ્રોત્સાહનના શબ્દો કહ્યા હતા અને દાઉદને તેની નબળાઈમાં મજબૂત કર્યો હતો. યોનાથાને દાઉદને માત્ર ભાવનાત્મક રીતે જ ટેકો આપ્યો ન હતો, પરંતુ દાઉદ આત્મિક રીતે શુષ્ક થઈ ગયો હતો ત્યારે તેણે તેને ઈશ્વરમાં સામર્થ્ય મેળવવામાં પણ મદદ કરી હતી. યોનાથાનના શબ્દોની દાઉદ પર ઊંડી અસર પડી હતી. ૧ શમુએલ ૨૩:૧૭માં, યોનાથાન કહે છે કે:

**''બીશ મા; કેમ કે મારા બાપ શાઉલનો હાથ તને ખોળી કાઢી શકશે**

(આગળ પાન ૬ પર...)

NEHEMIAH RESIDENTIAL BIBLE COLLEGE Velachery Chennai.
ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE REACHING NATIONS
Sponsorship Available
Rush for Admission!
Diploma in Theology
Medium : Hindi (Residential)
Qualification : 10th Standard & above
Recognised by International Christian Leaders & Senior Pastors for the past 55 years
Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
✶ ONLINE CLASSES ARE AVAILABLE ✶

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો



વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ નવેમ્બર ૨૦૨૪ થી ૧૮ ડીસેમ્બર ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**નવેમ્બર ૧૯:** ૨૦૨૪-૨૦૨૫ના પ્રથમ સત્રને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં અને અમારી **નહેમ્યા બાઈબલ કોલેજો**માં બીજા સત્રની શરૂઆત કરવામાં અમને મદદ કરવા માટે.

**નવેમ્બર ૨૦:** અમારા સામયિકને ૧૬ ભાષાઓમાં અમારા છાપખાનામાં છપાવવા અને પ્રકાશિત કરીને બહારના મિશન વિસ્તારોમાં મોકલવામાં સહાય કરવા માટે અમને સક્ષમ બનાવવા માટે.

**નવેમ્બર ૨૧:** અમારા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ** પરના તેમના આશીર્વાદ માટે.

**નવેમ્બર ૨૨:** અમારી રવિવારની ભજનસેવાઓ, અમારા મુખ્ય ચર્ચ અને તેની શાખાઓ બંનેમાં, સુવાર્તાનો સંપર્ક ન હોય તેવા જૂથોમાં ફેલાવવા માટે.

**નવેમ્બર ૨૩ :** અમારી બહુવિધ મિનિસ્ટ્રીજો દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની પ્રતિબદ્ધતાને માટે.

**નવેમ્બર ૨૪ :** અમારી મિનિસ્ટ્રીને સમર્પિત સહ સંપાદકો સાથે આશીર્વાદિત કરવા માટે જેઓ **ઈકો ઓફ હીજ કોલ** સામયિક મિનિસ્ટ્રીને સહાયરૂપ થાય છે.

**નવેમ્બર ૨૫ :** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પર તેમના પ્રત્યેની તેમની દયા માટે .

**નવેમ્બર ૨૬ :** અમારા નિયમિત સમર્થકો માટે અને અમારી મિનિસ્ટ્રીમાં તેમની સક્રિય ભાગીદારી માટે.

**નવેમ્બર ૨૭ :** રવિવારની અમારી સાબ્બાથ શાળાના સમર્પિત શિક્ષકો માટે.

**નવેમ્બર ૨૮ :** અમારી **ઈકો ઓફ હીજ કોલ** યૂટ્યુબ મિનિસ્ટ્રીના અધ્યક્ષ ભાઈ એડવર્ડ દુરાઈને માટે.

**નવેમ્બર ૨૯ :** પ્રભુએ અમારી **ઈકો ઓફ હીજ કોલ** યુટ્યુબ મીડિયા મિનિસ્ટ્રી દ્વારા અગમ્ય વિસ્તારોમાં સુવાર્તા ફેલાવવામાં મદદ કરી તે માટે.

**નવેમ્બર ૩૦ :** અમારા મુખ્ય ચર્ચ અને તેની શાખાઓમાં સાબ્બાથ શાળાને માટે વધુ બાળકો સાથે અમને આશીર્વાદ આપ્યા તે માટે.

**ડિસેમ્બર ૦૧ :** અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**ના અને **નહેમ્યા બાઈબલ કોલેજો**ના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે દૈવી સુરક્ષા સાથે અમને આશીર્વાદ કરવા માટે.

**ડિસેમ્બર ૦૨:** અમારા શુભેચ્છકો, મિત્રો અને બહારી વિસ્તારનઃ સમર્થકોને માટે.

**ડિસેમ્બર ૦૩:** **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજની સર્વ પ્રવૃત્તિઓ પર તેમની દોરવણી તથા આશીર્વાદોને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**ડિસેમ્બર ૦૪ :** આપણા વડીલ પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યોને તમામ પ્રકારની દુષ્ટ પરિબળોની સામે સુરક્ષિત રાખવા માટે.

**ડિસેમ્બર ૦૫ :** આપણા વડીલ પાળકને તેમની આત્મકથા લખવામાં સફળતા આપવા માટે.

**ડિસેમ્બર ૦૬ :** સમગ્ર વિશ્વમાંના પાળકો, મિશનરીઓ તથા ખ્રિસ્તી સંસ્થાઓની દૈવી સુરક્ષાને માટે.

**ડિસેમ્બર ૦૭ :** અમારા સામયિક કાઉન્સિલના સભ્યોને માટે.

**ડિસેમ્બર ૦૮ :** આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ , નહેમ્યા બાઈબલ કોલેજ**ના કાર્યાલયીન કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને માટે.

**ડિસેમ્બર ૦૯ :** વિશ્વભરમાંના કિશોરો અને યુવાનોમાં આત્મહત્યાની ભાવનાને દૂર કરવા માટે.

**ડિસેમ્બર ૧૦ :** વિશ્વભરમાં ચક્રવાતો અને ધરતીકંપો જેવી કુદરતી આફતોના નિવારણને માટે.

**ડિસેમ્બર ૧૧ :** અમારા ચર્ચ કાઉન્સિલના સભ્યોને માટે.

**ડિસેમ્બર ૧૨ :** અમારા શાળાના કાઉન્સિલના સભ્યોને માટે.

**ડિસેમ્બર ૧૩ :** નવા ચેપી રોગો સામે વિશ્વભરમાં દૈવી રક્ષણને માટે.

**ડિસેમ્બર ૧૪ :** વિશ્વભરની તમામ ખ્રિસ્તી મિનિસ્ટ્રીજોમાં એક મોટી ધર્મ જાગૃતિ થાય તે માટે.

**ડિસેમ્બર ૧૫ :** વિશ્વભરના તમામ યુદ્ધ અને આતંકવાદથી પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ અને સંવાદિતા પાછી આવે તે માટે.

**ડિસેમ્બર ૧૬ :** અમારી નહેમ્યા બાઈબલ કોલેજની કાઉન્સિલના સભ્યોને માટે.

**ડિસેમ્બર ૧૭ :** જૂઠાં ઉપદેશકો શિક્ષણ અને ખોટા ચમત્કારોને અનુસરવા સામે વિશ્વાસીઓના દૈવી રક્ષણને માટે.

**ડિસેમ્બર ૧૮ :** અમારી હોસ્પિટલ મિનિસ્ટ્રીને માટે.

*****

(પાન ૪ પરથી આગળ...)

**નહિ; તું ઈસ્રાએલનો રાજા થશે, ને હું તારાથી બીજે દરજ્જે હોઈશ; અને એ તો મારો બાપ શાઉલ પણ જાણે છે.''**

યોનાથાને દાઉદને તેના જીવન માટેની ઈશ્વરની યોજનાની પૂનઃખાતરી આપી હતી. કલ્પના કરો કે યોનાથાન માટે પોતાના પિતાની ભૂલો સ્વીકારવી કેટલી મુશ્કેલ હશે. શાઉલ કદાચ એક શક્તિશાળી રાજા હતો, પરંતુ તેણે ગમે તેટલો પ્રયત્ન કર્યો હતો, તેમ છતાં તે ઈશ્વરની ઈચ્છાને નિષ્ફળ કરી શક્યો નહોતો. યોનાથાને સ્વીકાર્યું હતું કે હવે પછી દાઉદ રાજા બનશે અને ઈશ્વરના વચનની પરિપૂર્ણતાને માન્યતા આપીને તેના હાથ નીચે રહીને કામ કરવાની તૈયારી દર્શાવી હતી. માણસની કોઈ યોજના, નરકની કોઈ યોજના, ઈશ્વરના ઈરાદાઓ કે હેતુઓ સામે ટકી શકતી નથી. યર્મિયા ૨૯:૧૧માં જણાવ્યા મુજબ ઈશ્વર પાસે આપણા માટે એક યોજના, ઈરાદો છેઃ **ભવિષ્યમાં આપણને આશા આપવાનો ઈરાદો છે.**

યોનાથાન દાઉદને પ્રોત્સાહિત કરવા માટે તેના માર્ગમાંથી બહાર ગયો, આપણને યાદ અપાવ્યું કે જ્યારે આપણે બીજાઓને પ્રોત્સાહિત કરીએ છીએ, ત્યારે તેઓ યહોવા પ્રભુમાં સામર્થ્યવાન થાય છે. છેલ્લી વાર ક્યારે તમે કોઈને પ્રોત્સાહિત કરવા માટે તમારા માર્ગમાંથી બહાર ગયા હતા? આપણે ઘણી વાર આપણા માટે પ્રોત્સાહન શોધીએ છીએ, પરંતુ શું આપણે સમય કાઢીએ છીએ અને જ્યારે બીજાઓને જરૂર હોય ત્યારે તેઓ માટે ત્યાં તેમની પાસે હાજર રહેવાનો પ્રયત્ન કરીએ છીએ? આજના વ્યસ્ત જગતમાં, અન્યોની જરૂરિયાતોને નજરઅંદાજ કરવી સરળ છે. કેટલીકવાર આપણે વિચારીએ છીએ કે નાણાં મોકલવા પૂરતા છે, અને જ્યારે નાણાકીય ટેકો મહત્વપૂર્ણ હોય છે, ત્યાં શારીરિક અને ભાવનાત્મક રીતે હોવું એટલું જ મહત્વપૂર્ણ છે.

## બાર્ઝિલ્લાય!

બાઈબલમાં અન્ય એક પ્રેરણાદાયી પાત્ર છે બાર્ઝિલ્લાય, એક વ્યક્તિ કે જેણે દર્શાવ્યું કે ઉંમર માત્ર એક સંખ્યા છે. ૨ શમુએલ ૧૯:૩૨માં, તે કહેવામાં આવ્યું છે કે :

**''હવે બાર્ઝિલ્લાય ઘણો વૃદ્ધ, એટલે એંશી વર્ષનો માણસ હતો; અને રાજાનો મુકામ માહનાઈમમાં હતો, તે દરમિયાન તેણે તેને ખોરાક પૂરો પાડ્યો હતો; કેમ કે તે ઘણો મોટો માણસ હતો.''**

આપણે બાર્ઝિલ્લાય નામના એક માણસને જોઈએ છીએ, જે ૮૦ વર્ષનો હતો. જ્યારે દાઉદ તેના માણસો સાથે અરણ્યમાં તેના પુત્ર પાસેથી નાસી રહ્યો હતો, ત્યારે તેને ખોરાક અને અન્ય સંસાધનોની સખત જરૂર હતી. એક શ્રીમંત અને વૃદ્ધ વ્યક્તિ, બાર્ઝિલ્લાયએ દાઉદ અને તેના સાથીઓને ટેકો આપવા માટે પહેલ કરી હતી. જ્યારે તેઓ મહાનાઈમમાં રહેતા હતા ત્યારે તેણે તેઓને ખોરાક પૂરો પાડ્યો હતો અને દાઉદ તથા તેના માણસોનો ભાર ઊંચકવામાં સહભાગી થયો હતો.

આ વાર્તા સમજાવે છે કે ભલાઈના કૃત્યો પુરુષ કે સ્ત્રી, જાતિ અથવા ઉંમર દ્વારા મર્યાદિત નથી - કોઈપણ વ્યક્તિ અન્યોનો ભાર ઊંચકવામાં મદદ કરી શકે છે. મુખ્ય જરૂરિયાત છે એક ઈચ્છુક અને દયાળુ, ભલું હૃદય હોવું. જ્યારે દાઉદે તેની ભલાઈનો બદલો વાળી આપવા માટે બાર્ઝિલાયને તેની સાથે રાજ્યમાં પાછા આવવાની રજૂઆત કરી, ત્યારે બાર્ઝિલાયે તેની સાથે જવાને બદલે પાછળ રહીને તે નમ્રતાપૂર્વક નકારી કાઢી. આ દર્શાવે છે કે તેનો પ્રેમ અને કાળજી સ્વાર્થી હેતુઓ વગરના હતા; તે ફક્ત દાઉદ માટે તેની પીડામાં અને સંઘર્ષમાં તેની સાથે રહીને ત્યાં તેને સાથ આપવા માંગતો હતો.

## ઈસુ!

ત્યાં ઈસુ ખ્રિસ્ત કરતાં નિઃસ્વાર્થ પ્રેમનું કોઈ મોટું ઉદાહરણ નથી. તેમણે આપણને એટલો ઊંડો પ્રેમ કર્યો કે તેઓ આપણા પાપો માટે વધસ્તંભ પર મરવા માટે સ્વર્ગને અને તેમનું રાજ્યાસન છોડવા તૈયાર હતા. **''તેમની અમીદ્રષ્ટિએ આપણને મોટા કર્યા છે.''** (ગીતશાસ્ત્ર ૧૮:૩૫). ઈસુએ પોતાની જાતને નમ્ર બનાવી અને શાપિત થયા જેથી આપણે આશીર્વાદિત થઈ શકીએ. તેમણે આપણી શરમ સહન કરી જેથી આપણે માથું ઊંચું રાખીને ચાલી શકીએ. તેમના બલિદાન દ્વારા, આપણને સૌથી મોટી ભેટ મળી છેઃ ક્ષમા આપવી અને શાશ્વત જીવન. **તેમણે ખાતરી આપી છે કે, ''હું તને કદી મૂકી દઈશ નહિ.''** (હિબ્રૂઓને પત્ર ૧૩:૫). યહોવા પ્રભુએ જાહેર કર્યું છે, **''તેણે મારા પર પોતાની પ્રીતિ બેસાડી છે, માટે હું તેને બચાવીશ; તેણે મારું નામ જાણ્યું છે, માટે હું તેને ઊંચો કરીશ. તે મને અરજ કરશે, એટલે હું તેને ઉત્તર દઈશ; હું સંકટસમયે તેની સાથે થઈશ; હું તેને છોડાવીને માન આપીશ.''** (ગીતશાસ્ત્ર ૯૧:૧૪-૧૫).

ઈશ્વર આપણને ખાતરી આપે છે

(આગળ પાન ૯ પર...)

NEHEMIAH EVENING BIBLE COLLEGES,
ECHO OF HIS CALL 1968-2018 GOLDEN JUBILEE
REACHING NATIONS
Sponsorship Available
Chepauk & Santhoshapuram, Chennai.
Qualification : 10th Standard & above
Rush for admission!
Diploma in Theology Medium : Tamil (Part time)
Recognised by
International Christian Leaders &
Senior Pastors for the past 55 years
Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**“જે વાંચે, તે સમજે”** (માથ્થી ૨૪:૧૫)



## પેન્સિલ મેટ કે પેન્સિલ શેતરંજીની એક જૂની વાર્તા

ગામની સરકારી શાળામાં મારું ૫મું ધોરણ પૂરું કર્યા પછી, મને આગળ ભણવા માટે મોકલવામાં આવ્યો હતો અને એક હાઈસ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં મને પહેલીવાર અંગ્રેજી મૂળાક્ષરો શીખવવામાં આવ્યા હતા. શાળાના પ્રથમ દિવસે, વર્ગ શિક્ષકે બધા વિદ્યાર્થીઓને બીજા દિવસે એક **પેન્સિલ અને નોટબુક** લાવવાની સૂચના આપી હતી. ઘરે આવતાની સાથે જ મેં મારી માતાને આ જરૂરિયાત વિશે જણાવ્યું, કારણ કે મારા પિતા બહારગામ હતા. તે નોટબુક મેળવવા માટે સક્ષમ થઈ હતી, પરંતુ મારા માટે પેન્સિલ ખરીદવામાં અસમર્થ હતી. કેમ કે અમારા પડોશી સંબંધીઓ તરફથી તેણી આ જરૂરિયાત પૂરી કરી લેવા તૈયાર ન હોવાથી, તેણીએ મને તેણીની અસમર્થતા સમજાવી અને મને કહ્યું કે મારા ઉપયોગ માટે પેન્સિલ મેળવવા માટે હું પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રાર્થના કરું.

તેણીના શબ્દોની આજ્ઞા પ્રમાણે, હું રાત્રે ઘૂંટણિયે પડ્યો અને ઈશ્વરને પ્રાર્થના કરી કે મને પેન્સિલ આપો અને સૂઈ ગયો. બીજા દિવસે સવાર સુધી ઈશ્વરે કોઈ પેન્સિલ ન આપી. તેથી મારે પેન્સિલ વગર શાળાએ જવું પડ્યું. જ્યારે બીજા બધા વિદ્યાર્થીઓ પોતપોતાના ઉપયોગ માટે પેન્સિલો લાવ્યા હતા, ત્યારે હું એકલો જ હતો જે શિક્ષકના આદેશનું પાલન કરવામાં અસમર્થ હતો. તેથી શિક્ષક મારાથી ખુશ ન હતા. તેણીએ મને કહ્યું કે બીજા દિવસે મારે પેન્સિલ વગર શાળાએ ન આવવું.

મેં ઘરે આવીને મારી માતાને શિક્ષકની નારાજગી વિશે સમજાવ્યું. તેણીએ મારા તરફ માત્ર સ્મિત કર્યું અને બીજા દિવસે પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રાર્થના કરવાનું ચાલુ રાખવા કહ્યું અને ખાતરી આપી કે પેન્સિલ માર્ગમાં આવી રહી છે. મેં એમ કર્યું અને જોયું કે કંઈ થયું નહોતું. તેથી મારે ફરીથી ખાલી હાથે શાળાએ જવું પડ્યું. જ્યારે શિક્ષકે મને પૂછ્યું, ત્યારે મેં કહ્યું કે મેં મારી માતાની સૂચના મુજબ પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રાર્થના કરી છે અને પેન્સિલ માર્ગમાં આવી રહી છે. શિક્ષક ચિડાઈ ગયા હતા અને મારા અને મારી માતાના વલણથી ગુસ્સે થયા હતા.તેણીએ મને કહ્યું કે બીજા દિવસે મારે પેન્સિલ વગર શાળાએ ન આવવું જોઈએ.

ખૂબ જ દુઃખ સાથે, હું મારી માતાની પાસે આ સમાચાર લઈ ગયો. તેણીએ મને કહ્યું કે મારી **પેન્સિલ માટેની પ્રાર્થના** સાંભળવા માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો આભાર માનું. મેં મધ્ય રાત્રિ સુધી પ્રભુનો આભાર માનવાનું શરૂ કર્યું. પણ જો હું પેન્સિલ વગર જઈશ તો બીજા દિવસે શાળામાં મને જે મુશ્કેલ સમય અને સજાનો સામનો કરવો પડશે તે વિચારીને મને ઊંઘ આવતી ન હતી.

### કારણ કે માણસ બહારના દેખાવ તરફ જુએ છે, પણ યહોવા હૃદય તરફ જુએ છે.

**– ૧ શમુએલ ૧૬:૭.**



મારા આશ્ચર્ય વચ્ચે, અચાનક અમે મધ્યરાત્રિએ કોઈકને દરવાજો ખટખટાવતો અવાજ સાંભળ્યો. મારી માતાએ કહ્યું કે કેટલાક ચોર દરવાજો ખટખટાવી રહ્યા હશે, એ જાણીને કે ઘરમાં કોઈ વડીલ પુરુષ સભ્ય નથી અને મને ચૂપ રહેવા અને પલંગ નીચે સૂઈ જવા કહ્યું.

પછી અમે મારી માતાના નામનો ઉલ્લેખ કરીને બારીમાંથી કોઈ બોલાવતું હોય એવો અવાજ સાંભળ્યો. તે બીજું કોઈ નહિ પણ મારા કાકા શ્રી સેલ્વામણી હતા, જેઓ અમારા ઘરથી લગભગ ૭૦ કિલોમીટર દૂર આવેલા પલાયમકોટ્ટાઈ નામના શહેરમાં કામ કરતા પોલીસ અધિકારી હતા. અમે આનંદ સહિત દરવાજો ખોલ્યો. તેઓ મારા માટે બિસ્કીટ, મીઠાઈઓ, કપડાં વગેરે જેવી ઘણી બધી ભેટો લાવ્યા હતા જેમ કે તેઓ સામાન્ય રીતે કરતા હતા. જ્યારે મેં એક ખાસ ગિફ્ટ બેગ ખોલી, ત્યારે મને તેની અંદર એક બોક્સ મળ્યું. જ્યારે મેં આતૂરતાપૂર્વક તેને ખોલ્યું, ત્યારે મને ખૂબ જ મોંઘી પેન્સિલોથી (નટરાજ પેન્સિલો, જે તે દિવસોમાં ખૂબ જ મોંઘી પેન્સિલો હતી)થી ભરેલું એક બોક્સ જોવા મળ્યું. એ બોક્સમાં ૨૪ પેન્સિલો હતી.

હું તે રાત્રે કૂદકો મારતો હતો કે પ્રભુ ઈસુ ખ્રિસ્તે માત્ર મારી પ્રાર્થનાઓ સાંભળી જ નથી, પણ મારી પ્રાર્થનાઓનો જવાબ પણ આપ્યો છે. છલકાતા આનંદને લીધે, આખી રાત મને ઊંઘ આવી ન હતી.

બીજા દિવસે સવારે, હું ૨૪ મોંઘી પેન્સિલોથી ભરેલું બોક્સ લઈને ખુશીથી શાળામાં ગયો જ્યારે અન્ય દરેક વિદ્યાર્થીઓ એક એક જ પેન્સિલ લાવ્યા હતા. શિક્ષક કડકાઈ ભર્યા ચહેરા સાથે મારી પાસે આવ્યા અને શું થયું તે પૂછ્યું. મેં જવાબ આપ્યો કે ગઈકાલે જે પેન્સિલ માર્ગમાં હતી તે આજે મારા હાથમાં અદ્‌ભૂત રીતે પહોંચી છે. તેણીએ ખુશીથી મારી પીઠ થાબડી અને વિદ્યાર્થીઓને જાહેર કર્યું કે એક જીવંત પ્રભુ છે, જેમનું નામ ઈસુ ખ્રિસ્ત છે.

વહાલા વાંચકો, જ્યારે હું સાત વર્ષનો હતો ત્યારે આ બન્યું હતું, પરંતુ અનુભવ હજુ પણ મારા મગજમાં તાજો છે. એ જ ઈશ્વર જેમણે મને પેન્સિલો આપી હતી તેઓ હજુ પણ જીવિત છે. **“તેઓ ગઈ કાલે, આજે તથા સદાકાળ એવા ને એવા જ છે.”** (હિબ્રૂઓને

પત્ર ૧૩:૮). તેથી હું આજે પણ મારા ઓરડામાં એક નાની શેતરંજી રાખું છું, જેને હું 'પેન્સિલ મેટ' કે 'પેન્સિલ શેતરંજી' કહું છું. હું **દરરોજ વહેલી સવારે ઊઠીને પેન્સિલ શેતરંજી પર બેસું છું અને મારા ચુસ્ત સમયપત્રક હોવા છતાં દિવસમાં ઓછામાં ઓછા ત્રણ વખત પ્રાર્થના કરવાનો પ્રયાસ કરું છું અને મારી જરૂરિયાતો તે જ પ્રભુ ઈસુ ખ્રિસ્તને જણાવું છું. આ પેન્સિલ શેતરંજી મારફતે અત્યાર સુધી મેં તેમની પાસેથી નાની સોયથી માંડીને અનેક મીની બસો, મોટી ઈમારતો વગેરે મેળવ્યા છે. તેથી હું એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે પવિત્ર બાઈબલને ઊંચકી રાખનાર હાથો અને પ્રાર્થના કરવા માટે ઘૂંટણિયે પડેલા પગ નિષ્ફળ જશે નહિ.**

તેથી મારા સેવાકાર્યના પાછલા ૫૫ વર્ષો દરમિયાન, મેં કોઈ પણ નાણાં ઊભા કરવાની યોજના હાથ ધરી નથી કે કોઈ વ્યક્તિના ઘરે જઈને નાણાં એકત્ર કરવા અથવા અમારી બહુવિધ મિનિસ્ટ્રીજોની જરૂરિયાતો માટે સામગ્રીઓ મેળવવા માટે ગયો નથી. મને મારા ઈશ્વર પાસેથી નાણાં મળે છે જેમણે મને મારી બધી જરૂરિયાતો માટે મારી પેન્સિલ શેતરંજીમાંથી જવાબ આપ્યો છે.

**"જે મને સામર્થ્ય આપે છે તેની સહાયથી હું બધું કરી શકું છું."** ફિલિપ્પીઓને પત્ર ૪:૧૩.

~~~~~~

\* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \* \*

(પાન ૬ પરથી આગળ...)

કે તેઓ આપણા મુશ્કેલીના સમયોમાં આપણી સાથે રહેશે, આપણી પડખે રહેશે. માથ્થી ૧૧:૨૮-૩૦માં કહેતા, ઈસુ આપણને આપણા બોજને તેમની સાથે વહેંચવા આમંત્રણ આપે છે :

**"ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો. કેમ કે મારી ઝૂંસરી સહેલ છે, ને મારો બોજો હલકો છે."**

તેઓ તૈયાર છે અને આપણે તેમની પાસે આવવાની અને આપણી ચિંતાઓ, પીડાઓ, નિષ્ફળતાઓ અને ડર તેમની આગળ મૂકવાની રાહ જોઈ રહ્યા છીએ. શું તમે આજે તેમની પાસે આવશો અને તેમને તમારો બોજો વહેંચવા દેશો?

જેટલા ઈસુ આપણા ભારને વહન કરે છે અને આપણે માટે પ્રાર્થના કરવા માટે આપણી પાસે મંડળીના પરિવારનો ટેકો છે, આપણે પણ કોઈ બીજાના જીવનમાં "યોનાથાન" બનવાના માર્ગો શોધવા જોઈએ.

## ૧. બીજાઓ માટે પ્રાર્થના કરવી!

પ્રાર્થના એ એક સામર્થ્યવાન સાધન છે. આપણે એકબીજાને માટે પ્રાર્થના કરી શકીએ છીએ. જો તમે કોઈને પાપ સાથે સંઘર્ષ કરતા જોશો, તો તેમની ટીકા કરવાને બદલે, તેમના માટે અને તેમની સાથે પ્રાર્થના કરો. તેમની સાથે ચાલો. જો તમે કોઈનાથી નાખુશ હો, તો તેમના વિશે અન્ય લોકો સાથે ગપસપ કરવાને બદલે તેમના માટે નિષ્ઠાપૂર્વક પ્રાર્થના કરવાનું શરૂ કરો.

## ૨. સાંભળવું!

કેટલીકવાર, લોકોને ફક્ત સાંભળવા માટે કોઈકની જરૂર હોય છે. તેઓ તેમની સમસ્યાઓ માટે સલાહ અથવા ઉકેલો શોધી રહ્યા નથી - માત્ર એક કરુણામય, દિલાસો આપતા કાન. ફેંસલો લેવા પહેલા સાંભળો. તે કુટુંબના સભ્ય, મિત્ર અથવા તો કોઈ વ્યક્તિ હોઈ શકે જેણે તમને દુ:ખ પહોંચાડ્યું હોય. જ્યારે લોકોને તેની સૌથી વધુ જરૂર હોય ત્યારે સારા શ્રોતા બનો.

## ૩. જરૂરીયાતો પુરી કરવી!

યાકૂબ આપણને શીખવે છે કે કરણીઓ દ્વારા વિશ્વાસ દર્શાવવો જોઈએ. પ્રાર્થના કરવી અને ફક્ત સાંભળવું પૂરતું નથી; અન્યોને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરવા માટે આપણે વ્યવહારુ રીતો શોધવી જોઈએ. આમાં હંમેશા નાણાંનો સમાવેશ થતો નથી - આપણે આપણા કૌશલ્ય, કુશળતા અને જ્ઞાનનો ઉપયોગ અન્યોને સમર્થન અને માર્ગદર્શન આપવા માટે કરી શકીએ છીએ.

## ૪. ટેકનોલોજીનો ઉપયોગ કરવો!

કોઈ હેતુ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરો. મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહેલા કોઈને પ્રોત્સાહક લેખિત અથવા બોલેલો સંદેશ મોકલો. પ્રાર્થના અથવા ઉત્સાહ આપતા સંદેશ મોકલો; જો તમે દૈહિક કે શારીરિક રીતે ત્યાં ન હોઈ શકો, તો પણ તમારા શબ્દોની સામર્થ્યવાન અસર પડશે. જેઓ સંઘર્ષ કરી રહ્યા છે તેમને ઉત્તેજન આપવા અને પ્રોત્સાહિત કરવા માટે બાઈબલની કલમ અથવા સરળ સહજ સંદેશો વહેંચો.

## ૫. મંડળીના સભાજનોની સંભાળ રાખવી!

**તમારી મંડળીના સભાજનોની** સારાભલાની ખયાલ રાખવાની કે તપાસ રાખવાની ટેવ પાડો. જો તમે જુઓ છો કે અથવા નોંધ લો છો કે કોઈ મંડળીમાં કે દેવળમાં આવતા નથી કે અનુપસ્થિત છે, તો તેમને ફોન કરીને તેમની સાથે વાત કરો. તેમને પૂછો, શું હું તમારા માટે પ્રાર્થના કરી શકું છું? શું હું તમને મદદ કરી શકું એવું કંઈ છે? ખાતરી કરો કે આપણા ભાઈ-બહેનો જાણે છે કે તેઓ એક પરિવારના હિસ્સો છે.

## ૬. સેવા કરવી!

છેલ્લે, ઈસુએ કર્યું હતું, તેમ તમે કરી શકો તે રીતે બીજાઓની સેવા કરવા માટે ઉપલબ્ધ રહો. સેવા કરવાની તકો ઘણી બધી છે, પણ ચાવી એ છે કે એકબીજાના બોજાઓને વહેંચવાની રીતો શોધવી અને ઈશ્વરના બાળકો તરીકે આપણા તેડાને અનુરૂપ જીવવું.

\*\*\*\*\*\*\*\*

**WANTED**

**PRINCIPAL for**

**CHRISTIAN MATRICULATION SCHOOL at Chennai.**

We need well qualified, experienced, dedicated, hard working and mission oriented Christian.

Apply to :
E.mail: biblecor@yahoo.co.in
WhatsApp: (+91) 97908 05460
~~~~~~

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– **સંપાદક**

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th NOVEMBER 2024

If un-delivered please return to:
**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**